# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન • જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • અંક : ૩૩ • સળંગ અંક : ૧૩૮ • તા.૩૦ જાન્યુઆરી થી ૫ ફેબ્રુઆરી ૨૦૨૧



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# વન્યજીવ સંરક્ષક અને પર્યાવરણ રક્ષક



## રોહન મધુકર ભાટે (ખોના)


SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# પરિસ્થિતિની પરખ કરવી જરૂરી છે

ઊંચે ચડવું અઘરૂં છે તેથી અઘરૂં ઊંચે ચડીને ઊંચાઈ જાળવી રાખવું છે. માનવી સતત પોતાની પ્રગતિ જાળવી શકતો નથી. તે ઊંચાઈ પર ચડીને પોતાની મનોસ્થિતિ ડામાડોળ રાખે છે, અન્ય બાબતોમાં પોતાની વિચાર શક્તિ રાખી એકાગ્રતા ખોઈ દે છે. જેને લીધે તે જલદી પોતાનું પતન કરે છે. લક્ષથી નીચે આવી જાય છે. ઘણું જલદી આ પરિસ્થિતિ માનવી પોતે લઈ લે છે. આ પડતી ક્ષુલ્લક કારણોસર હોય છે. જે ચિંતા કરાવે એવી હોય છે. કારણ કે આ એક ધ્યાન, એક લક્ષ્યથી જલદી તેનું ધ્યાન હટી જાય છે અને તેનું પરિણામ સફળતાથી નિષ્ફળતામાં પહોંચી જાય છે. ઊંચે ચડનાર વિપરીત વિચારોમાં, સામાન્ય સંજોગોને અસામાન્ય બનાવી પોતાનું ધૈર્ય, મનસ્થિતિ ડગમગાવી પોતાની સફળતા, શિખર આરોહણને ટકાવી રાખવા ને બદલ પતન ભણી લઈ જાય છે.

સફળતાને, સિદ્ધિને જાળવી રાખવી એક પરીક્ષા છે. સારા સંજોગોને જાળવી રખાય એ ચેલેન્જ બની જાય છે. પરિસ્થિતિ જ્યારે સ્વના કાબુમાં નથી રહેતી ત્યારે મંઝિલ તરફ જતાં પગ પણ ડગમગી જાય છે. અસામાન્ય સંજોગોમાં સારી બાબતો ઝટ ઓગળી જાય છે. માનવીની સારપ, સદ્‌વર્તન, સંસ્કાર અને સદ્‌વર્તાવની કસોટી વિપરીત પરિસ્થિતિમાં ધોવાઈ જાય છે. મનની એકાગ્રતા તૂટી જાય છે અને લક્ષ્ય ધ્યાન હટી જાય છે. અસામાન્ય સંજોગોમાં પોતાની સ્થિરતા જાળવી રાખે એ વિરલ વ્યક્તિ છે. ગમે તે સ્થિતિમાં સ્થિર અને સામાન્ય સ્થિતિમાં અસ્થિર વ્યક્તિમાં ફરક છે. મામુલી જેવી સ્થિતિમાં સ્થિર ન રહી શકનાર સતત ડામાડોળ અવસ્થામાં રહે છે અને સંપૂર્ણ રીતે પોતાના આસપાસના વાતાવરણને હાલકડોલક રાખે છે. હકીકતમાં પડકારો અને જોખમો સતત આવતાં રહે છે. હકીકત એ હોય છે કે આવી વ્યક્તિઓ નગણ્ય બાબતોથી પણ હચમચી જાય છે. ક્ષુલ્લક બાબતોથી વિક્ષિપ્ત થઈ જાય છે, બેબાકળા બની જાય છે અને નાની બાબતોને મહતમ આફત તરીકે જૂએ છે અને હિંમત કરી ઝઝૂમવાનું માંડી વાળે છે.

મજબૂત મનોબળના વ્યક્તિઓ કોઈપણ પરિસ્થિતિમાં પોતાની ધીરજ, હામ અને સમતોલપણું ગુમાવતા નથી. તેઓ પોતાની આજુબાજુ સશક્ત સુરક્ષિત દીવાલ ચણી રાખે છે અને સુરક્ષિત કિલ્લાના કાંગરા ન ખરે એની કાળજી પહેલાથી કરી રાખે છે. સંજોગો કોઈ પણ આવે તેઓ તેનો સામનો કરવા સતત સજ્જ રહે છે. જ્યારે ઝંઝાવાત આવે છે ત્યારે નાના, નબળા પક્ષીઓ હાંફળા ફાંફળા થઈ ઊઠે છે પણ ગરૂડ જરાય ચિંતિત થતું નથી. તે હવાથી પણ ઊંચે ચડી ઝંઝાવાતને વળોટી તેની ઉપરનો સ્તર શાંત હોય ત્યાં પહોંચી પોતાની પાંખો ફેલાવતું ઊડે છે, ઝંઝાવાત જ્યારે પશુ-પક્ષીઓ, માનવજીવો, માલમતાની ખાના ખરાબી કરી શાંતને સ્થિર થાય ત્યારે ગરૂડ નીચે ઉતરી આવે છે અને પોતાની સપાટી પર સ્થિર શાંત ઉડયન કરી ઊંચાઈ જાળવી રાખે છે. આ બાબત સ્થિર સ્થિતિ અને અસ્થિર સ્થિતિમાં પોતાનો વર્તાવ બદલનાર પોતાનો નિયંત્રણ જાળવી ન રાખનાર એ ધ્યાનમાં લેવી જોઈએ અને એમાં બદલાવ કરવો જોઈએ.

*- જય જ્ઞાતિમૈયા*

# હકારાત્મક અને નકારાત્મક લાગણીઓ

જીવનમાં સકારાત્મક સાથે નકારાત્મક લાગણીઓ હોવી જરૂરી છે. આ બંન્ને લાગણીઓ હોય તો જ જીવનની તુલા સમતોલ રહે છે. નકારાત્મક ભાવના હોય તો જ સકારાત્મક ભાવનાઓનું મહત્વ સમજાય છે. સકારાત્મક એટલે હકારાત્મક જે ભાવનાઓ આપણમાં પોઝિટિવ સ્પંદન જગાવે છે જે શરીરની અંદર અને શરીરની બહાર આસપાસ સુખદ અને અનુકૂળ હોય એવી લાગણીઓ પ્રસારે છે. જ્યારે નકારાત્મક લાગણીઓ આપણા મનને દુઃખદ અનુભૂતિ કરાવે છે. એના સ્પંદન થકી નિરૂત્સાહ કે હતાશા પ્રસરે છે. નેગેટિવ વિચારો ઘેરી વળે છે. આના પ્રતિઘાતથી ઉદાસીનતા, ચીડ, હતાશાના ભાવ પેદા થાય છે.

નકારાત્મક લાગણીઓની અનુભૂતિ કરવા કોઈ ઈચ્છતું નથી પણ એ આવે જરૂરી છે. એના સ્પર્શ થકી જ સકારાત્મક ભાવનાનું મૂલ્ય સમજાય છે. ઘણા લોકો નકારાત્મક ચીજોથી તનાવ ચિંતાથી નાસી પાસી થઈ. હિંમત હારી જાણે હથિયાર હેઠાં મૂકી દે છે. આ ભાવના ક્યારેય પ્રગતિ કરવા દેતી નથી. આ લાગણી જીવનનો વિકાસ રૂંધી નાખે છે. મન મગજ પર આની નકારાત્મક અસર હાવી થઈ સુખ ચેનને આડે સ્પીડ બ્રેકર બની જાય છે.

સમજુએ છે જે હકારાત્મક અને નકારાત્મક લાગણી બાજુઓને નજર અંદાજ કરી માત્ર તટસ્થ ભાવે તેનું મૂલ્યાંકન કરે છે. કારણ કે બેઉ લાગણીઓનું સમતુલન સાધવું એ જ ઉચ્ચ જીવનો પથ થઈ શકે છે. બંન્ને લાગણીઓ કે તેની પરિસ્થિતિ એકબીજાની સ્પર્ધક નહીં પણ પૂરક છે એ સમજીને તે મુજબ વ્યવહારની ભૂમિકા દોરવી જોઈએ. જીવનમાં દુઃખ હોય તો જ સુખની કિંમત સમજાય છે. અંધારૂ હોય તો જ અજવાસની કિંમત સમજાય છે. તળેટીની ઊંડાઈ પછી જ શિખરની ઊંચાઈની કદર થાય છે એમ શોક પરિસ્થિતિ પછી જ આનંદની અનુભૂતિનું મૂલ્ય અધિક થઈ જાય છે. માટે બંન્ને લાગણીઓને રેલવેના સમાંતર પાટાઓ સમજી તેની ઉપર આપણા જીવનની ગાડી સડસડાટ દોડાવવા માટેની કાળજી ધરાવવી જોઈએ.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# વન્યજીવ સંરક્ષક અને પર્યાવરણ રક્ષક રોહન મધુકર ભાટે (ખોના)





મૂળ કચ્છ કોઠારા હાલે કરાડમાં રહેતા રોહન મધુકર ભાટે-શાહ વન્યપ્રાણીઓના સંરક્ષણ માટે સદૈવ અગ્રપણે રહ્યાં છે અને વર્ષોથી આ કાર્ય માટે સમર્પિત રહ્યાં છે. વન્ય પર્યાવરણ જાળવણી અને વન્ય સંપદા સચવાઈ રહે એ માટે તેઓ સતત પ્રયત્નશીલ છે. છેલ્લા ૨૫ વર્ષોથી પર્યાવરણ સંવાદિતા કાર્યકર તરીકે તથા વન્યજીવો સંરક્ષક તરીકે સક્રિયપણે કાર્ય કરી રહ્યાં છે. જે બદલ તેઓ સરકારના વિવિધ વિભાગો તરફથી અને અનેક સંસ્થો દ્વારા સન્માનિત થયા છે.

સામાન્ય લોકો માટે પ્રકૃત્તિ શિક્ષણ, શિબિરો, અભ્યાસ પ્રવાસો, વન્યજીવન શિક્ષણના સ્લાઈડ શો, વન્યજીવ, બર્ડિંગ ટ્રેક્સ અને ટ્રેલ્સ વિગેરે તદ્ઉપરાંત વાઈલ્ડ લાઈફ બચાવ, રિહેબિલિટેશન અને નેચર ફોટોગ્રાફી તેઓ કરી રહ્યાં છે. વાઘ અને અન્ય જૈવ વિવિધતાના પશુઓના સંવર્ધન અને સંરક્ષણ માટે સૂચનો અને અસરકારક પગલાં લેવાય તે માટે ઉપયોગી સૂચન અને અભ્યાસ માહિતી જે તે વિભાગોને આપી અસરકારક પગલાં લેવાય એ માટે દબાણ કરે છે.

છેલ્લાં બે દાયકામાં માનવ વસતીમાં દેખાતા સાપ, કે અન્ય હિંસક પશુ-પંખીઓને માનવીઓથી બચાવી જહેમતપૂર્વક



# વન્યજીવ સંરક્ષક અને પર્યાવરણ રક્ષક રોહન મધુકર ભાટે (ખોના)

તેમને પકડીને તેમના સુરક્ષિત વસાહતો કે તેમનું સંરક્ષણ થાય એવા સુરક્ષિત સ્થાનોમાં તેમને મુક્ત કર્યા છે તેઓ WCCB વોલિન્યટર, નેચર ફ્રેન્ડસ અને ઓનર્સ વાઈલ્ડ લાઈફ વોર્ડન તરીકે ફરજ બજાવી છે.

તેઓને રાજ્ય સરકારે સતારા જિલ્લાના વાઈલ્ડ લાઈફ વોર્ડન તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૨થી ૨૦૧૭ સુધી રાજ્ય સરકારના પર્યાવરણ વન્ય અને હવામાન પરિવર્તન મંત્રાલય દ્વારા તથા ૨૦૧૫થી આજ સુધી વાઈલ્ડ લાઈફ ક્રાઈમ કંટ્રોલ બ્યુરો પર સદસ્ય તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. હાલમાં રાજ્ય સરકાર દ્વારા ભારતીય પેંગોલિન સંરક્ષણના નિષ્ણાત તરીકે નિયુક્તિ કરી છે.

વન્ય પ્રાણીઓના અંગ, તેમની ચામડી, નખ, શીંગડા વિગેરેની તસ્કરી અટકાવવા તેઓ સજાગપણે ફરજ બજાવી જાનના જોખમે બે શિકારીઓને દબોચયા આ કામગીરીમાં આરોપીઓ સાથે હાથ લડાઈ કરવી પડી હતી અને તેમનો હસ્ત અસ્થિભંગની પીડા











# વન્યજીવ સંરક્ષક અને પર્યાવરણ રક્ષક રોહન મધુકર ભાટે (ખોના)

ભોગવી પડી હતી. જે માટે કર્ણાટક રાજ્યના ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડન તેમને બહાદુરીથી સન્માનિત કર્યા હતા.

વનસંપદાના ચોરી, ગેરકાયદેસર વૃક્ષ કામ લાકડાની ચોરી કરવી, વન્ય વનસ્પતિ, મૂલ્યવાન ઔષધ વિગેરેની ચોરી માટે ચાંપતો બંદોબસ્ત રાખી ચોર ટોળકીનો માટે માથાનો દુ:ખાવો સર્જે છે. પોલીસની મદદ માટે આ કાર્ય માટે તેઓ સન્માનિત થયા છે.



રાજ્ય સરકાર દ્વારા ટ્રી પ્લાન્ટેશન ડ્રાઈવ અંતર્ગત વન વિભાગની કરાડની હજરમચી સાઈટ પર વૃક્ષ વાવેતર ડ્રાઈવ ચલાવી એક જ દિવસમાં ૬૨૨૦ વૃક્ષોનું રોપણ કર્યું જેને લીધે મુખ્યપ્રધાન સાથે વિવિધ સંગઠનો તેમના કાર્યની પ્રશંસનીય નોંધ લઈ બિરદાવ્યા છે. મહારાષ્ટ્ર તેલગંણા જળસંશોધન વિકાસ નિગમ કાયાકલ્પ, રોટરી ઈન્ટરનેશનલ, કરાડ મ્યુનિસિપલ કોર્પોરેશન, સંભવનાથ મહારાજ ટ્રસ્ટ, સહ્યાદ્રી ટાઈગર રિઝર્વ, મહારાષ્ટ્ર વનવિભાગ પીસીસીએફ, કર્ણાટક વન વિભાગ, ડબ્લ્યૂડબ્લ્યૂએફ એડિનબર્ગ આંતરરાષ્ટ્રીય એવોર્ડ, કિર્લોસર બ્રધર્સ લિમિટેડ દ્વારા વસુંધરા મિત્ર એવોર્ડ, પક્ષી મિત્ર એવોર્ડ, ભારત પક્ષી મિત્ર સંમેલન, કરાડ જીમખાના દ્વારા દીપ પુરસ્કાર વિગેરે અઢળક પુરસ્કારોથી સન્માનિત થયાં છે.

આ કાર્ય તેઓ જનહિત જૈવ વિવિધતાના હેતુ બચાવ માટે વન્ય પ્રાણી સંરક્ષક તરીકે તેઓ ખુશીખુશી આ કરી રહ્યાં છે. તેમની રાષ્ટ્ર સમર્પિત સેવા અને દેશ પ્રત્યેની નૈતિક ફરજ રૂપે તેમના કાર્યો ખરેખર ગર્વ અને ગૌરવ ભર્યા છે.



दीपक शहा मित्रपरिवार, कराड

‘सन्मानपत्र’

सन्माननीय, श्री. रोहन मधुकर भाटे

यांसी सप्रेम नमस्कार





# ઐરોલીવાડીના જ્ઞાન સત્રમાં અચલગચ્છનો ઈતિહાસ અને જ્ઞાતિની જાજરમાન તવારીખની ઝલક જોરદાર પ્રવચનમાં બતાવાઈ



તા.૨૬ જાન્યુઆરી મંગળવાર રોજ સવારે ગચ્છનાયક પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા અને પ.પૂ.યુવા મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ના મુખેથી ઐરોલી મુકામે શરૂ જ્ઞાન સત્ર દરમ્યાન અચલગચ્છનો ભવ્ય ઇતિહાસ અને કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના શિરોમણિ શેઠશ્રી નરશી નાથા અને શેઠશ્રી કેશવજી નાયકનો જાજરમાન ભવ્ય ઇતિહાસ જે સુર્વણ અક્ષરે લખાયો છે તેની પ્રતીતિ કરાવતું જોરદાર અને અસરકાર પ્રવચન થયું.

ઉપસ્થિત સૌ જનોના હૈયા આ પ્રભાવી પ્રવચન અને જાજરમાન ઈતિહાસ જાણી સાંભળી હર્ષ રોમાંચકથી પુલકિત થઈ ઉઠ્યા હતા અને ગર્વ ગૌરવથી ઉન્નત થયા હતા.

# ઐરોલી જ્ઞાનસત્રમાં સર્વે વિહાર ગ્રુપ વાળાઓનું સન્માન સહ બહુમાન કરાયું



તા.૨૪ જાન્યુઆરી રવિવાર દિને સાહિત્ય દિવાકર મરૂધર દીપક, સૌમ્ય સ્વભાવી અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની પાવન સભર નિશ્રામાં ઐરોલી મધ્યે સુંદર રીતે સફળતા ભણી પરિપૂર્ણ તરફ જઈ રહેલા જ્ઞાનસત્રમાં જ્ઞાન લ્હાવો લેવા ધર્મભાવ પવિત્ર માહોલનો સંગ માણવા અને પૂજ્ય સાધુ સાધ્વી ભગવંતોના દર્શન વંદનનો અમૂલ્ય લાભ પામવા મુંબઈના સર્વ વિહાર ગ્રુપવાળાઓનું સન્માન સહ બહુમાન કરાયું. ઉપસ્થિત ૧૨ વિહાર ગ્રુપમાં શ્રી જીરાવાલા વિહાર ગ્રુપ, શ્રી વાસુપૂજ્ય સ્વામી યુવા મંડળ મુલુંડ (પશ્ચિમ), કે.ડી.ઓ./કે.વી.ઓ. વિહાર ગ્રુપ ભાંડુપ, શ્રી ગૌતમ વિહાર ગ્રુપ ચેકનાકા, શ્રી અંધેરી વિહાર ગ્રુપ અંધેરી, શ્રી નાલાસોપારા સ્ટેશન ગ્રુપ નાલાસોપારા, શ્રી નવનીત વિહાર ગ્રુપ ડોંબિવલી, શ્રી વિક્રોલી અચલગચ્છ જૈન સંઘ વિક્રોલી, શ્રી વિહાર ગ્રુપ વાશી, શ્રી ઐરોલી વિહાર ગ્રુપ, શ્રી સુમતિ રત્નવિહાર ગ્રુપ મુલુંડ અને કેડીઓ વિધરતી સંઘ.

॥ મહાતીર્થાધીપતિ શ્રી મહાવીરસ્વામીને નમઃ ॥



# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન
# શ્રી જખૌ રત્નટૂંક જૈન દેરાસર તથા
# તેના સાધારણ ફંડ ટ્રસ્ટ



## ૧૭૩ મી ધ્વજા મહોત્સવ, ઈ.સ. ૨૦૨૧ - આગોતરૂં આમંત્રણ

ગામવાસીઓ, નિયાણી બહેનો સહપરિવાર અને લાભાર્થી પરિવારોને સહકુટુંબ પધારવા આગ્રહભર્યું આમંત્રણ.

| મહોત્સવની રૂપરેખા | |
|---|---|
| જેઠ સુદ ૦૯, ગુરૂવાર<br>તા. ૧૭–૦૬–૨૦૨૧ | સાંજે ભાવના<br>અઢાર અભિષેકના ચડાવા |
| જેઠ સુદ ૧૦, શુક્રવાર<br>તા. ૧૮–૦૬–૨૦૨૧ | અઢાર અભિષેક<br>ધ્વજાના બાકી રહેલા ચડાવા<br>અતિથિગૃહનું ભૂમિ પૂજન<br>સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમ |
| જેઠ સુદ ૧૧, શનિવાર<br>તા. ૧૯–૦૬–૨૦૨૧ | ૧૭૩ મી ધ્વજા અને<br>સ્વામી વાત્સલ્ય |

ટિકીટ સમયસર કઢાવી, આપ જખૌ ક્યારે પધારશો તેની વિગતવાર જાણ કરશો જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.

**સંપર્ક :**

માનદ્‌મંત્રીઓ : શ્રી જયંતીલાલ મૈશેરી – 98197 48250
શ્રી ચાંપશીભાઈ હેફા – 98206 59809

**સભામાં અને સભા સ્થળે સોશિયલ ડિસ્ટન્સીગ અને માસ્ક પહેરવું ફરજીયાત રહેશે.**

## શ્રી જખૌ રત્નટૂંક જૈન દેરાસરની ૧૭૩મી ધ્વજા મહોત્સવનું આગોતરું આમંત્રણ

શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન, શ્રી જખૌ રત્નટૂંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ તરફથી આગામી ૧૭૩મી ધ્વજા મહોત્સવ વર્ષ ૨૦૨૧માં ગામવાસીઓ, નિયાણી બહેનો સહપરિવાર અને લાભાર્થી પરિવારોને પધારવાનું આગોતરું આમંત્રણ અપાયું છે. મહોત્સવની રૂપરેખા જેઠ સુદ નોમ ગુરૂવાર તા.૧૭ જૂન ૨૦૨૧ સાંજે ભાવના અને અઢાર અભિષેકના ચડાવા, જેઠ સુદ દસમ શુક્રવાર તા.૧૮ જૂનના અઢાર અભિષેક, ધ્વજાના બાકી રહેલા ચડાવા, અતિથિગૃહનું ભૂમિપૂજન જ્યારે સાંજે સાંસ્કૃતિ કાર્યક્રમ તથા જેઠ સુદ અગ્યારસ શનિવાર તા.૧૯ જૂનના ૧૭૩મી ધ્વજા અને સ્વામી વાત્સલ્ય.

માનદ્‌મંત્રીઓ જયંતિલાલ મૈશેરી-૯૮૧૯૭૪૮૨૫૦ તથા ચાંપશીભાઈ હેફા-૯૮૨૦૬૫૯૮૦૯ દ્વારા સંબંધિતોને ટિકીટ સમયસર બુક કરી. જખૌ ક્યારે પધારશો તેની વિગતવાર જાણ કરશો જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે એ સૂચના અપાઈ છે.

## લાયજા ગામે પ.પૂ.સા.શ્રી હંસાવલીશ્રીજી મ.સા.ની ૬૩મી દીક્ષા તિથિ નિમિત્તે ત્રિહાન્કિ મહોત્સવનું આયોજન કરાયું





કચ્છ પ્રદેશના માંડવી તાલુકાના લાયજા ગામે પ.પૂ.સાધ્વીશ્રી હંસાવલીશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી અક્ષયગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૧૬ની પાવન સભર નિશ્રામાં પ.પૂ.સાધ્વીશ્રી હંસાવલીશ્રીજી મ.સા.ની ૬૩મી દીક્ષા તિથિ નિમિત્તે તા.૨૩ જાન્યુઆરી શનિવારથી તા.૨૫ જાન્યુઆરી સોમવાર સુધી ત્રિહાન્કિ મહોત્સવનું રંગેચંગે આયોજન કરવામાં આવ્યું હતું. તા.૨૪ જાન્યુઆરીના રવિવાર મહોત્સવના દ્વિતીય દિવસે દેશા વગાશિક સામાયિક સાથે વિરતી ધર્મની આરાધનાઓ કરાઈ. પ.પૂ.હંસાવલીશ્રીજી મ.સા.ના દીક્ષા લાયજા ગામે જ થઈ છે. જેથી આ ઉજવણીનો ધન્ય લાભ લાયજાવાસીઓને સારો મળ્યો.

પ.પૂ.સાધ્વીશ્રી હંસાવલીશ્રીજી મ.સા. સંયમ જીવનના ૬૨ વર્ષ પૂર્ણ કરી ૬૩માં વર્ષમાં પ્રવેશ દીક્ષાતિથિ પોષ સુદ ૧૩ વિક્રમ સંવત ૨૦૧૫. માવિત્ર નામ : મોંઘીબેન ડુંગરશીભાઈ દંડ, ગામ તેરા. ગુરૂનાથ પ.પૂ.વિકપી સાધ્વીશ્રી પુષ્પાશ્રીજી મ.સા. દીક્ષા સ્થળ લાયજા મોટા.

## પ.પૂ.સાધ્વીજી જયધર્માશ્રીજી મ.સા. ઘૂંટણ ઓપરેશન બાદ સુખશાતામાં છે

પ.પૂ.સાધ્વીશ્રી જયધર્માશ્રીજી મ.સા.ના ડાબા પગના ઘૂંટણનું ઓપરેશન તા.૨૫ જાન્યુઆરી સોમવારના રોજ અમદાવાદની ઝાયડ્સ હોસ્પિટલમાં ડૉ. દળિયા સિંગ દ્વારા સફળતાપૂર્વક થયેલ છે.

અમદાવાદ સંઘના અગ્રેસર અને શ્રી અખિલ ભારત અચલગચ્છના વૈયાવચ્ચ સમિતિના વડીલ ટોકરશી મામા અને સહકાર્યકરો પૂજ્યશ્રીના વૈયાવચ્ચ માટે સક્રિય છે.

બુધવાર તા.૨૭ જાન્યુઆરીના હોસ્પિટલમાંથી રજા લઈ પૂજ્યશ્રી પાલડી વિસ્તારમાં નવનીત વિવિધ લક્ષી ભવનમાં શ્રીમતી કસ્તુરબેન રવિલાલ સંગોઈ પુનડીવાલા ઉપાશ્રયમાં પધાર્યા છે અને સુખશાતામાં છે.

# ઐરોલી વાડીના જ્ઞાન સત્રમાં અચલગચ્છ અધિષ્ઠાયિકા દેવી શ્રી મહાકાળી માતાની ભાવના ભણાવાઈ







શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ તથા શ્રી અનંતનાથજી મહારાજ ટ્રસ્ટ આયોજિત ઐરોલીવાડીમાં જ્ઞાન સત્ર દરમ્યાન તા.૨૬ જાન્યુઆરી મંગળવાર પ્રજાસત્તાક દિવસે શ્રી અનંત મિત્ર મંડળ દ્વારા અચલગચ્છ અધિષ્ઠાયિકા દેવી શ્રી મહાકાળી ભાવના અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં ભાવ ભક્તિપૂર્વક ભણાવાઈ ઉપસ્થિત ભાવિકભાઈ બહેનો ઉમંગ-ઉત્સાહથી આ ભક્તિ ભાવનાનો ધન્ય લાભ લઈ કૃતાર્થ થયા હતા.

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમાજ વડોદરાની નવી કારોબારી પદાધિકારીઓ તથા સભ્યોની વરણી

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમાજ વડોદરાની નવી ટર્મ માટેના કારોબારી હોદ્દેદારો તથા કારોબારી સભ્યો વરાયા. જેમાં પ્રમુખ પદે હિરેન્દ્ર કાંતિલાલ મોતા (પપ્પી શેઠ) મંત્રી નરેન્દ્ર દામજી મોમાયા, ખજાનચી તરીકે મુકેશ માણેકજી લોડાયા તથા કારોબારી સભ્યો તરીકે ભાવેશ ખિરેન્દ્ર લોડાયા, ચંદ્રેશ પદમશી છેડા, નિશિથ આણંદી લાલ દંડ, રતિલાલ પદમશી પનપારિયા, લીલમ કુંવરજી લાલકા, શાંતિલાલ કલ્યાણજી લોડાયા, પ્રિતમ કુંવરજી લાલકા, કમલેશ હીરજી નાગડા, કેતન ભારમલ લોડાયા, જયભાઈ તારાચંદ ધરમશી, રૂષભ પદમશી પનપારિયા, હિરેન લઘુભાઈ મૈશેરી, કેવલ નવીન વિકમશી તથા શ્રીમતી ગુણવંતીબેન ભરતકુમાર લોડાયા.


| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ઐરોલી મધે જ્ઞાન સત્ર કાર્યક્રમમાં અચલગચ્છ યુવામિલનનું સફળ આયોજન થયું







શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ તથા અનંતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ અને તેના સાધારણ ફંડોના સંયુક્ત આયોજનથી તા.૧૫ જાન્યુઆરીથી ૩૧ જાન્યુઆરી સુધીનો જ્ઞાનસત્ર સહ આત્મકલ્યાણ આરાધનાનો ભવ્ય કાર્યક્રમ હવે પૂર્ણતાની તરફ ગતિ કરી રહ્યો છે ત્યારે તા.૨૪ જાન્યુઆરી રવિવારના દિને સવારના ૯ થી ૧ દરમ્યાન અચલગચ્છ યુવા મિલન સાહિત્ય દિવાકર, મરૂધર દીપક, સૌમ્ય સ્વભાવી, અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં પ.પૂ.હેમચંદ્રસાગર મ.સા., પ.પૂ.ગુણવલ્લભસાગર મ.સા., પ.પૂ.ધર્મશેખર મ.સા.એ પ્રભાવીવાણી દ્વારા યુવાનોમાં જોશ ભરી દીધા હતા. ઉપસ્થિત સૌ એક ધ્યાન ચિતે પીન ડ્રોપ સાયલંસ જાળવી એકાગ્રતાપૂર્વક પૂ.સાહેબોના જ્ઞાન વાણીનું રસપાન કર્યું હતું.

# ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ મુંબઈ દ્વારા એડવેન્ચર કેમ્પનું આયોજન

શ્રી કે.ડી.ઓ.સ્ટુડન્ટ એસોસિએશન દ્વારા શનિવાર તા.૬ અને ૭ ફેબ્રુઆરી રવિવારના ક્ષીરસાગર ફાર્મ ૩૧/૪, ૪૮૧ કુડસવરે, વાંગણી (વેસ્ટ) અંબરનાથ સ્થળે એડવેન્ચર કેમ્પનું આયોજન કરાયું છે. જેમાં એડવેન્ચર એક્ટિવિટી જેવી કે રાફ્ટ બિલ્ડીંગ, ઝોરબિંગ, હાઈરોપ કોર્સ, મિની ગોલ્ફ, લાઈફ સેવિંગ્સ, ટીમ બિલ્ડીંગ ઉપરાંત વધુ એક્ટિવીટી કરાવશે. આ કેમ્પ માટે ૧૪થી ૨૬ ઉંમરના યુવાઓ ફી માત્ર રૂા.૧૪૯૯ પ્રતિ વ્યક્તિ દીઠ છે. રજિસ્ટ્રેશન એન્ટ્રી વહેલો તે પહેલોના ધોરણે.

રજિસ્ટ્રેશન માટે ઉજવલ લોડાયા-૯૦૨૮૮૩૪૪૧૩, કાજલ ધ્રોળ-૯૦૦૪૨૯૬૫૧૪, ધર્મિલ નાગડા-૭૦૨૧૮૫૬૭૩૫નો સંપર્ક કરવો.



નારી શક્તિ

KDO Swaroj

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ
જૈન મહાજન



# ONE STEP TOWARDS AATMANIRBHAR KDO NARI

Samast Mahajan KDO Swaroj Team & Samast Mahajan KDO Women Empowerment Committee are pleased to announce support of Sewing Machines to Women aspiring to be Aatmanirbhar!

THANK YOU FOR ALL THE SUPPORT AS DONERS-

**HEMABEN G CHHEDA & JAYSHRI K DAND**





**Highly Needy KDO family can apply for Sewing Machine || Application to be made to KDO SWAROJ TEAM**

**Contact: Ms Sheetal Dhulla @ 9099041414 / Mr Manish Bhai @ 7506070851**

**☆ Nishit Dand || Adv. Minal B Khona || Viraj Dhulla || Khyati Dharamshi || Divya Momaya || Mahima Dand ☆**

# મનોકામના પૂરક વિઘ્ન નાશક સમૃધ્ધિદાયક
# ગુરૂપુષ્યમૃત સિધ્ધિ યોગપૂજન







મનોકામના પૂરક વિઘ્ન નાશક સમૃદ્ધિદાયક ગુરૂપુષ્યામૃત સિધ્ધિ યોગનો શુભદિવસ એવોર્ડ તા.૨૮ જાન્યુઆરી ગુરૂવારે અહોરાત્ર અજોડ શાસન પ્રભાવક સળંગ ૧૯મા વર્ષીતપના તપસ્વીરત્ન, સૂરીમંત્ર પંચ પ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ના આશીર્વાદથી તથા પ.પૂ.મુનિરાજ શ્રી કલ્પતરૂસાગરજી મ.સા.ના માર્ગદર્શનથી ગુરૂપુષ્પામૃત સિધ્ધિયોગના દિને સિધ્ધચક્ર તથા મહાલક્ષ્મી દેવીના યંત્ર પૂજન થયું.

સળંગ ૧૯મા વર્ષીતપના તપસ્વીરત્ન, સૂરિમંત્ર પંચ પ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. બધા યંત્રોને સૂરિમંત્ર શ્રીવિદ્યા તથા વર્ધમાન વિદ્યાથી અભિમંત્ર કરશે ત્યારે બાદ યંત્રો આરાધકોને અપાશે.

## તપસ્વીરત્ન, સૂરિમંત્ર, પંચ પ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ની ગાલાનગર પ્રતિષ્ઠા મહોત્સવ નિશ્રા માટે સંમતિ મળી



તીર્થાધિરાજ શ્રી શંત્રુજ્ય મહાતીર્થની છાયામાં પ્રકૃષ્ટ પુણ્યના સ્વામી શ્રી આદિનાથ દાદાના સાંનિધ્યમાં અજોડ શાસન પ્રભાવક સળંગ ૧૯મા વર્ષીતપના તપસ્વીરત્ન સૂરિમંત્ર પંચ પ્રસ્થાન સાધક પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ને ગાલા નગરમાં નિર્મિત શ્રી સીમંધર સ્વામી આદિ ચતુર્મુખ જિનબિંબોની પ્રતિષ્ઠા મહોત્સવમાં નિશ્રા પ્રદાન કરવા માતુશ્રી મુલબાઈ જેવત પ્રેમજી ગાલા (શ્રીમતી રસીલાબેન ઘનસુખભાઈ ગાલા) તથા દેવપુર મહાજનના પદાધિકારીઓની આગ્રહ ભરી વિનંતી કરતા સાહેબજી નિશ્રા પ્રદાન માટે સંમતિ આપતાં ભાવિકો ખુશીથી ઝૂમી ઉઠ્યા હતા અને ગુરૂ ભક્તોના હૈયે હર્ષની હેલી ઉમટી હતી.


| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# બોંતેર જિનાલય તીર્થે રજત મહોત્સવ નિમિત્તે પંચાન્હિકા મહોત્સવનું આયોજન

કચ્છ પ્રદેશે બોંતેર જિનાલય તીર્થે, શ્રી આદિનાથ દરબારે ૨૫મી રજત વર્ષગાંઠ અવસરે ધ્વજારોહણના આનંદમય પ્રસંગ સાથે, શ્રી ચર્તુવિધ સંઘના સમૂહ વર્ષીતપ પારણા પ્રસંગ ઉજવાશે વિધવિધ ભક્તિમય અનુષ્ઠાન સહદેવ ગુરૂધર્મ ભક્તિ સભર ઉમંગમય શ્રી પંચાન્હિકા મહોત્સવ વૈશાખ સુદ ૩ શુક્રવારના ૧૪મે ૨૦૨૧થી વૈશાખ સુદ સાતમ મંગળવાર તા.૧૮મે ૨૦૨૧ સુધી આયોજન કરાયો છે.

સાહિત્ય સમ્રાટ, સંઘ કૌશલ્યાધાર, રાજસ્થાન દક્ષિણ દીપક અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની આજ્ઞા આશીષ વિદ્વતવર્ય પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની શુભેચ્છા અશીષથી તથા સૂરિમંત્ર પંચ પ્રસ્થાન સાધક સરળ સ્વભાવી, અજોડ શાસન પ્રભાવક સળંગ ૧૯મા વર્ષીતપના તપસ્વીરત્ન પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. પ્રવચનકાર પ.પૂ.મુનિરાજ શ્રીપૂર્ણભદ્રસાગરજી મ.સા. ઠાણા-૪, મધૂરભાષી પ.પૂ.મુનિરાજ શ્રી રાજરત્નસાગરજી મ.સા. આદિ ઠાણા-૭, સરલ હૃદયી પ.પૂ.મુનિરાજ પુણ્યોદયસાગરજી મ.સા. ઠાણા-૨, પરમ તપસ્વી પ.પૂ.મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા. આદિ ઠાણા તેમજ અચલગચ્છ સમૂદાયના વિશાળ શ્રમણીવૃંદ પરિવારની તારક નિશ્રા ઉપસ્થિતિ રહેશે. શ્રી પંચાન્હિકા મહોત્સવના રંગમય અવસરોમાં તા.૧૪ મે શુક્રવાર વૈશાખ સુદ ત્રીજના શ્રી ચતુર્વિધ સંઘના વર્ષીતપ પારણા, શનિવાર, તા.૧૫ મે ના શ્રી ભક્તામર મહાપૂજન તા.૧૬ મે રવિવારના શ્રી પંચકલ્યાણક પૂજા, તા.૧૭ મે સોમવાર વૈશાખ સુદ ૬ના શ્રી અઢાર અભિષેક તથા વૈશાખ સુદ ૭ તા. ૧૮ મે મંગળવાર દિને શ્રી સતરભેદી પૂજા અને ધ્વજારોહણ, દાદાની ભવ્ય આંગી રાતે ૮.૧૫ કલાકે સંગીત ભક્તિમય ભાવના સમૂહ વર્ષીતપ પારણા પ્રસંગે વર્ષી તપના તપસ્વી ભાઈ બહેનોને જિનાલયના આંગણે પારણું કરવા પધારવા ભાવભર્યુ આમંત્રણ શ્રી યશોધન વર્ધમાન બોંતેર જિનાલય ટ્રસ્ટ, શ્રી આર્યકલ્યાણ જૈન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા અપાયું છે.

વધુ વિગત માટે મુંબઈમાં સંપર્ક ૨૧ કેશવજી નાયક રોડ, ૧લે માળે, દામજી મેઘજીનો માળો, મુંબઈ-૯. સંપર્ક : ૦૨૨-૨૩૭૭૦૪૭૧, ૨૩૭૯૧૫૮૦ જ્યારે કચ્છ સંપર્ક શ્રી બોંતેર જિનાલય મહાતીર્થ, ગુણનગર, પોસ્ટ તલવાણા, તાલુકો માંડવી-કચ્છ-૩૭૦૪૬૦. સંપર્ક : ૦૨૮૩૪-૨૭૫૪૫૦, ૨૭૫૪૫૧, મો.: ૭૦૯૬૨૭૫૪૫૦ અને ૭૦૪૬૨૭૫૪૫૨.




# શ્રી કરાડ ઓગલેવાડી સંઘમાં શ્રી વિમલનાથ દાદાની ધ્વજા મહોત્સવ પ્રસંગે ધર્મ આરાધનાઓ ભવ્યતાથી થઈ







શ્રી કરાડ ઓગલેવાડી અચલગચ્છ જૈન સંઘના આંગણે શ્રી વિમલનાથ દાદાની ધ્વજારોહણનો શુભ પ્રસંગ પ્રવચન પ્રભાવક પ.પૂ.ગુરૂદેવશ્રી દેવરત્નસાગરજી મ.સા.ના પરમશિષ્ય પ.પૂ.મુનિરાજ શ્રી ચૈત્યરક્ષિતસાગરજી મ.સા.ની પાવન સભર નિશ્રામાં વિધિકાર કેવલભાઈ સાવલાના સથવારે સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓની સંગે રંગેચંગે ઉજવવામાં આવી.

આ અવસરે વિવિધ ધર્મ આરાધનોમાં ઉપસ્થિતો સૌ જોડાઈ ધન્ય લાભ પામ્યા હતા.



# અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીમાં સામૂહિક શક્રસ્તવ અભિષેક અનુષ્ઠાન સુંદર રીતે સંપન્ન થયા









શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીમાં પોષ વદ ૧૨ તા.૨૪ જાન્યુઆરી રવિવાર દિને વર્ધમાન ૧૫ પ્રભાવિકા પ્રવૃત્તિની પ.પૂ.અરૂણોદયશ્રીજી મ.સા.ની પ્રથમ સ્વર્ગારોહણ તિથિ પ્રસંગે સુવિધિનાથ દાદાના દરબારે ગુરૂ સ્મૃતિ પંચામૃત જિન ભક્તિ ઉત્સવમાં સામૂહિક શક્રસ્તવ અભિષેક અનુષ્ઠાન ભવ્યતા ભવ્ય રીતે સંપન્ન થયા અને સુંદર રીતે ધર્મ આરાધનાઓ કરી સૌ ધન્ય ધન્ય થયા હતા.





# પાલારા ખાસ જેલનાં કેદી ભાઈ-બહેનોના ઉત્કર્ષ માટે થયેલ કામગીરીને બિરદાવાઈ

પાલારા ખાસ જેલનાં કેદી ભાઇ-બહેનોનાં ઉત્કર્ષ માટે શ્રેષ્ઠ કાર્ય કરનાર માનવજ્યોતનાં પ્રબોધ મુનવરને પાલારા ખાસ જેલ દ્વારા જેલ અધિક્ષક શ્રી રાજેન્દ્રસિંહ એ. રાવના વરદ્ હસ્તે સન્માનપત્ર અર્પણ કરી તેમની સેવાઓને બિરદાવવામાં આવી હતી.




પાલારા ખાસ જેલનાં કેદી ભાઇ-બહેનોને કોરોના કાળ દરમ્યાન જીલ્લા આયુર્વેદ શાખાનાં સહકારથી આયુર્વેદીક ઉકાળો વિતરણ, હોમીયોપેથીક ગોળીઓ વિતરણ તથા માનવજ્યોત દ્વારા માસ્ક વિતરણ, ધાબળા વિતરણ જેવી પ્રવૃત્તિઓમાં મદદરૂપ બન્યા છે. તેમજ દાતાશ્રીઓનાં સહકારથી પાલારા જેલને પાણીનો બોર, આર.ઓ. પ્લાન્ટ, ગૌશાળા, કોમ્પ્યુટર સેટ, શિવણ મશીન, લાઉડ સ્પીકર સેટ, ગોમૂત્રમાંથી ફિનાઇલ બનાવવાનું મશીન અપાવવામાં મદદરૂપ બન્યા છે.

પાલારા ખાસ જેલનાં કેદી ભાઇ-બહેનો માટે ધાર્મિક,સામાજીક, રાષ્ટ્રીય કાર્યક્રમો, સંતશ્રીઓનાં પ્રવચનો, કોમી એકતા અનુરૂપ કાર્યક્રમો યોજી કેદી ભાઇ-બહેનોને ઉપયોગી માર્ગદર્શન પૂરૂં પાડ્યું છે.

આ પ્રસંગે સિવિલ સર્જન કશ્યપભાઇ બુચ, ભાડાના પૂર્વ ચેરમેન કીરીટભાઇ સોમપુરા, આર.એસ.એસ.ના કચ્છ વિભાગના સંઘ સંચાલક નવિનભાઇ વ્યાસ, ઝીકડીના સરપંચ વાલાભાઇ આહિર, સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

---

## શ્રી રાયધણજર સંઘમાં પૂજ્ય મહારાજ સાહેબોની મળી રહેલી શુભનિશ્રા

કચ્છના અબડાસા પ્રાંતના રાયધણજર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા. તેમજ સ્થાનિક સંઘના નિયાણી (દીકરી મ.સા.) પ.પૂ.મહાવૃતગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૫ શ્રી રાયધણજર જૈન મહાજનના ઉપાશ્રયમાં બિરાજમાન છે.

સકળ સંઘને દર્શન વંદન અને વાણીનો પુનિત લાભ લઈ ધન્ય થવાનો અવસર ચૂકશો નહીં.

---


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
## મેડિકલ સમિતિ



# સ્વ. માતુશ્રી ભાનુમતી મણીલાલ ધુલ્લા
# સ્વ. શ્રી મણીલાલ શિવજી ધુલ્લા

કચ્છ - સુથરી, મુલુંડ - મુંબઇ

**પૂજય વડીલોની પુણ્ય સ્મૃતમિાં**

## સંજીવની ડાયમંડ પેટ્રોન Rs. 1 Lakh

*સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની ઉતમ અને જરૂરતમંદ જ્ઞાતિજનોને માટે ઉપયોગી એવી સંજીવની યોજના અનેક જણોના આંસુ લૂછ્યા છે. ઘણા જણને આકસ્મિક આપદા, ઓચિંતી બિમારીઓથી થતી વિપદામાંથી ઉગારયા છે. ઉદારદિલ જ્ઞાતિવર્યો આ યોજનાની ઉપયોગિતા અને જરૂરિયાતને સમજી સારા પ્રસંગોને યાદગાર બનાવવા તેના હામી બને છે, આધારસ્તંભ બને છે.*

*સ્વ. માતુશ્રી ભાનુમતી મણીલાલ ધુલ્લા, સ્વ. શ્રી મણીલાલ શિવજી ધુલ્લા, કચ્છ-સુથરી, હાલ-મુંબઈ પૂજ્ય વડીલોની પૂણ્ય સ્મૃતિમાં માનવજીવન અને દાન આપવાના કર્તવ્યને જાણી સંજીવની યોજનામાં રૂા.૧ લાખનું અમૂલ્ય અને ઉદારતા ભર્યું યોગદાન આપી સંજીવની ડાયમંડ પેટ્રોન તરીકે નોંધ કરાવી છે.*

*ધુલ્લા પરિવારની આ પહેલ પ્રશંનીય સાથે પ્રેરણાત્મક છે. જેની મેડિકલ સમિતિ સરાહના કરી અનુમોદના કરે છે અને જીવન સુખી, સંતોષી, સ્વસ્થમય અને આનંદિત રહે એની શુભેચ્છા અર્પે છે.*

# પ.પૂ.સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી મ.સા. ૮૩ વર્ષની આયુ વયે કાળધર્મ પામ્યા



અચલગચ્છ માટે પ્રજાસત્તાક દિવસની પૂર્વ સંધ્યાએ દુઃખદ સમાચાર આવ્યા. કચ્છ પ્રાંતના વર્ધમાન બોંતેર જિનાલય તીર્થે અચલગચ્છાધિપતિ શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની આજ્ઞાથી બોંતેર જિનાલય તીર્થે સ્થિરવાસ રહેલા વર્તમાન અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તી પ.પૂ.સાધ્વીશ્રી પ.પૂ. ચારૂલતાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી મ.સા. ૫૪ વર્ષનું સંયમ જીવન આરાધી અને કુલ ૮૩ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી કાળધર્મ પામ્યા.

માવતર જેઠીબાઈ ખીમજીભાઈ ગામ નવાવાસ, દિક્ષા સ્થળ કોઠારા તીર્થ તિથિ મહાસુદ પાંચમ સંવત ૨૦૨૨ શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી ભક્તિપૂર્ણશ્રીજી મ.સા. પાલખી બપોરના અઢી વાગે રાખવામાં આવેલ હતી.

# દાદર-કેવડિયા દાદર સુપરફાસ્ટ એક્સપ્રેસને નગરસેવિકા નેહલ શાહ ખોનાએ લીલી ઝંડી બતાવી શરૂ કરાવી

તા.૧૬ જાન્યુઆરી રવિવારના કેવડિયા સ્થિત સરદાર સરોવર પાસે આવેલા 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી' છ રાજ્યો સાથે રેલ માર્ગે જોડાયું. આ સંબંધિત રાજ્યોથી આઠ ટ્રેનોની શરૂઆત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ચ્યુઅલી લીલી ઝંડી બતાવીને કરી.










જે તે સ્થાનિક રેલ સ્ટેશનો પર વિવિધ અગ્રણીઓએ આ પ્રક્રિયા પાર પાડી જેમાં દાદર રેલ સ્ટેશનએ દાદર કેવડિયા સુપરફાસ્ટ એક્સપ્રેસને કચ્છ જાગૃતિ અભિયાનના નેજા હેઠળ સંસ્થાના પ્રતિનિધિ અને વોર્ડ ક્રમાંક ૧૭૭ વડાલા પૂર્વના નગરસેવિકા નેહલ અમર શાહ ખોના અને સંસ્થા સંયોજક કિશોર મણિલાલ ગાલા લીલી ઝંડી બતાવી સફરની શરૂઆત કરાવી.

આ પ્રસંગે ભાજપ મુંબઈ અધ્યક્ષ મંગલ પ્રભાત લોઢા, સાંસદ ગોપાલ શેટ્ટી, વિધાનસભ્ય કાલિદાસ કોલંબકર, તમિલ સેલ્વન, ભાજપ મધ્ય મુંબઈ અધ્યક્ષ રાજેશ શિરવડકર પણ જોડાયા હતા.

સદર ટ્રેન દરરોજ ટ્રેન નં.૦૨૯૨૭ દાદર કેવડિયા રાતે ૧૧.૫૦ કલાકે છૂટી કેવડિયા બીજા દિવસે સવારે ૭.૨૫ કલાકે પહોંચશે જ્યારે વળતા ટ્રેન નં.૦૨૯૨૮ કેવડિયાથી દરરોજ રાત્રે ૯.૨૫ કલાકે નીકળી વહેલી સવારના ૫.૩૦ કલાકે દાદર પહોંચશે.



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● કચ્છમાં કાર્યરત 'સહજીવન' સંસ્થા અને કચ્છના સાંસદની રજૂઆતને પગલે કેન્દ્ર સરકારે સમગ્ર દેશમાં વિચરતા માલધારી સમુદાયની ગણતરી હાથ ધરી છે. હવે માલધારીઓની સમસ્યા હલ થવામાં મદદ મળશે. ભારતના વિવિધ રાજ્યોમાં વિવિધ કોમના વિચરતા માલધારી સમુદાય જોવા મળે છે. આ સમુદાય મોટે ભાગે અલગ અલગ પ્રકારની પશુ ઓલાદો સાથે સ્થાનિક પોતાના જિલ્લામાં, બીજા જિલ્લામાં અથવા બીજા રાજ્યોમાં પોતાના પશુઓના ધણ સાથે ચરિયાણ માટે ફરતા હોય છે. સંશોધન ગણતરીમાં પશુ ઓલાદો, પશુધનની સંખ્યા, ચરિયાણ સ્થળાંતર રૂટ, પશુપેદાશો, સરકાર દ્વારા અમલ કરવામાં આવતી યોજનાઓ, માલધારી સમુદાયોની સમસ્યાઓ અને પડકારો વિગેરેની માહિતી લેવાશે.

● ભુજના રઘુવંશી યુવાન વરૂણ ઉર્મિશભાઈ સચદેની પ્રવાસ અને કેમેરાની ક્લિકની કદર અમેરિકાના અગ્રીમ અખબાર ન્યૂર્યોક ટાઈમ્સ દ્વારા કરાઈ છે. નખત્રાણા પાસેના લડલી નજીકનું 'કાળિયા ધ્રો' જેવા પ્રાકૃતિક સ્થળ જેનું ભૂસ્તરીય આર્ટ અને કલર કોમ્બીનેશન ભરી ડિઝાઈન જાણે કુદરતની અનોખી કમાલ દર્શાવે છે. તેની વરૂણ સચદેએ પ્રવાસ દરમ્યાન ક્લિક કરેલી તસ્વીર બે હજાર એન્ટ્રીમાંથી ત્રીજા નંબરે પસંદગી પામી છે. ન્યૂર્યોક ટાઈમ્સએ આ તસ્વીરોને fifty two places to love in 2021 શીર્ષક સાથેના એક આર્ટિકલ માટે પસંદ કરી તેનું વૈશ્વિક ગૌરવ કર્યુ છે.

● વૈશ્વિક મહામારી કોરોનાને કારણે ગત માર્ચ માસથી લોકડાઉનને કારણે તમામ શાળાઓ બંધ કરાઈ, ત્યારબાદ અંદાજે ૩૦૦ દિવસના લાંબા વેકેશન બાદ રાજ્ય સરકારના આદેશથી ઉચ્ચતમ માધ્યાત્મિક વર્ગના ધોરણે શરૂ કરાયા. શાળા શરૂ કરવા અને વિદ્યાર્થીઓ શાળામાં આવે તે માટે વાળીઓ પાસેથી સંમતિપત્રક ભરાવવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જિલ્લામાં ૬૧ શાળાઓ આવેલી છે. જિલ્લાના અંદાજે ૨૨ હજાર વિદ્યાર્થીઓના વાલીઓ સંમતિપત્રક ભર્યા હતા. જે પૈકી ધોરણ ૧૦ના ૯૮૫૭ અને ધોરણ ૧૨ના ૨૩૨૨ છાત્રો શાળામાં હાજરી પૂરાવી હતી.

● નેશનલ એસોસિએશન ફોર ધ બ્લાઈન્ડ કચ્છ ડિસ્ટ્રીક્ટ શાખા ભુજ દ્વારા ઓનલાઈન સંગીત સંધ્યા યા યોજાઈ હતી. કાર્યક્રમમાં ૧૨ પ્રજ્ઞા ચક્ષુ ભાઈ બહેનો એ ભજન રજૂ કર્યા હતા. સંગઠનના ભૂતપૂર્વ પ્રમુખ પ્રો વખત સિંહ જોડજાની છઠી પુણ્યતિથિ નિમિત્તે આ આયોજન કરાયું હતું. સ્વર્ગસ્થ ભૂતપૂર્વ પ્રમુખએ પ્રજ્ઞાચક્ષુ સંગીત વિશારદ શિક્ષકની ભરતી કરાવવા સરકારમાં લેખિત રજૂઆત કરી અને હાઈકોર્ટમાં ન્યાય માટે સફળ પ્રયત્ન કરી કચ્છ જિલ્લામાં ૯૦ જેટલા પ્રજ્ઞા ચક્ષુઓને સંગીત શિક્ષકની નોકરી અપાવી હતી.

● માનવ જ્યોત સંસ્થા ભુજ અને રામદેવ સેવાશ્રમ પાલરાના સહકારથી મિલે સૂર હમારા વુમન્સ કરાઓકે સિંગિગ સ્ટાર ભુજ દ્વારા દેશભક્તિ કાર્યક્રમ એકમ ભવન ભુજમાં યોજાયો. વિવિધ વયની યુવતીઓ, મહિલાઓ દેશ ભક્તિના ગીતો અને ભજનો ભાવ વહી સ્વરે રજૂ કર્યા હતા.

● ફેમ ઈન્ડિયા એશિયા પોસ્ટ દ્વારા દેશના ૨૫ શ્રેષ્ઠ સાંસદોની યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં વ્યવહાર કુશળ સાંસદ તરીકે કચ્છના સંસદ સભ્ય વિનોદભાઈ ચાવડાની પસંદગી કરાઈ છે. જનતા સાથે જોડાણ, સેવાકીય છબી, કાર્ય શૈલી, સદનમાં નિયમિત ઉપસ્થિતિ લોકસભાની ડિબેટમાં સક્રિયપણે ભાગ લેવો. પ્રશ્નોત્તરીનો હિસ્સો બનવો, સાંસદ નિધિનો લોકપયોગી કાર્ય માટે ઉપયોગ તેમજ સામાજિક સહભાગીતાના મુખ્ય માપદંડ સાથે આ વરણી કરાઈ હતી.

# યવતમાલ સંઘમાં ધ્વજા મહોત્સવ અવસરે વિવિધ ધર્મ આરાધનાઓ થઈ





શ્રી અચલગચ્છ જૈન સંઘ યવતમાલમાં ધ્વજા મહોત્સવનું આયોજન કરાયેલ આ અવસરે ઉત્સાહ-ઉમંગથી વિવિધ ધર્મ આરાધનાઓ સંપન્ન કરાઈ. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ભક્તિભાવથી ઉપસ્થિત રહી ધર્મલાભ પામ્યા હતા.





# ભાવભીની શ્રદ્ધાંજલિ



ઝવેરચંદ એમ. દંડ
તા.૨૫ જાન્યુ. (ઉ.૭૯)
સુથર-હૈદ્રાબાદ



દિપક આર. ખોના
તા.૨૭ જાન્યુ. (ઉ.૪૨)
ગોરખડી-ઘાટકોપર



નિલેશ ખેતશી દૌલત
તા.૨૯ જાન્યુ. (ઉ.૪૨)
સુથરી-વિક્રોલી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે**

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)




insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com ♦ 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

**MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL**